પરદેશ પાર્સલસેવા
www.chipsairexp.com
CHIPS Express
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com



પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૫૬ ૧૪ ઓગસ્ટ, ૨૦૧૮, મંગળવાર; શ્રાવણ સુદ - ૪ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## પ્રભાતના પગરવ...

### ગજાનન સમિતિનો સેવા મહાયજ્ઞ

આજે સેવાના મહાયજ્ઞની વાત કરવી છે. સરકારી નગર તરીકે ઓળખાતા ગાંધીનગરમાં ગણી ગણાય નહીં એટલી સેવા પ્રવૃત્તિઓ ધમધમી રહી છે. આજે એવા સેવા તપસ્વીને પ્રણામ પાઠવી એમની વિગતે વાત કરવી છે. દાદાના જીવનમાંથી પ્રેરણા લઈ દાદાના નામ સાથે સેવા સમિતિના માધ્યમથી ધુણી ધખાવનાર ભેખધારી મિલિન્દ ગુપ્તે સેવાનો મહાયજ્ઞ ચલાવે છે. શ્રી ગજાનન સેવા સમિતિના નામથી સેવા પ્રવૃત્તિઓનો અજવાસ અંતરિયાળ આદિવાસી અને પછાત વિસ્તારોમાં પથરાયો છે. એક વિચારમાં કેટલી તાકાત હોય છે અને સેવાનો એક વ્યક્તિનો વિચાર કેટલા વંચિતો અને પીડિતોને લાભદાયી બને છે તેનું પ્રેરક ઉદાહરણ જો કોઈને પણ જોવું હોય તો, તે શ્રી ગજાનન સેવા સમિતિની પ્રવૃત્તિઓ છે.

સેવા વ્રતધારીઓની એક ટોળી મિલિન્દ ગુપ્તેના નેતૃત્વમાં દર વર્ષે રાજ્યના અંતરિયાળ ગામોના પ્રાથમિક શાળાના બાળકોને ગણવેશ, દફતર, ચોપડા, નોટબુકોનું વિતરણ કરે છે. આ વિસ્તાર નાનકડો નથી. રાજ્યના પછાત ગણાતા ૧૭ જિલ્લાના ૪૭ તાલુકાના ૧૦૦૦ ગામોના ૨૫ હજાર બાળકોને આ સેવાનો લાભ પહોંચાડાય છે. અને આજ સુધીમાં ઓછામાં ઓછા અઢીથી પોણા ત્રણ લાખ બાળકો સુધી સેવાલાભ પહોંચાડાયો છે. આ સેવાના મહાયજ્ઞમાં નામી-અનામી અનેક દાતાઓ યત્કીંચીત યોગદાન આપે છે. સરકારી સેવા આપતા કર્મચારીથી લઈ મોટી કોર્પોરેટ કંપનીઓ પણ આ યજ્ઞમાં પોતાનું યોગદાન આપી પોતાની સામાજીક જવાબદારી અદા કરે છે. દર વર્ષે ૨૫ હજાર બાળકોના ગણવેશ-દફતર કે શૈક્ષણિક સામગ્રી પહોંચાડીને જ ગજાનન સેવા સમિતિ સંતોષ નથી માનતી. પ્રતિ વર્ષ મેડિકલ ચેકઅપ કાર્યક્રમમાં પણ ઘનિષ્ઠ રીતે સંકલન સેવા આપે છે. સાથોસાથ પર્વો અને પ્રસંગોએ આદિવાસી અને અતિ પછાત વિસ્તારોના બાળકોને બિસ્કીટ, સુખડી, તલસાંકળી જેવા પૌષ્ટિક નાસ્તાનું વિતરણ પણ અચુક કરે છે. સેવાનો આ ભગીરથ યજ્ઞ છેલ્લા દાયકાથી અવિરત ચાલે છે અને વ્યાપ અને વેગ વિસ્તરતો જાય છે. ગજાનન સેવા સમિતિનું સેવાકાર્ય અરવલ્લીના ડુંગરાથી લઈ દાહોદ-તાપી-નવસારી અને વલસાડના આદિવાસી વિસ્તારોમાં પથરાયેલું છે. આ ભગીરથ સેવાયજ્ઞના આચાર્ય સમાન સેવાના ભેખધારી મિલિન્દ ગુપ્તે સમગ્ર સેવાકાર્યનું આયોજન અને સંકલન કરે છે એટલુ જ નહિ એમનું જીવન જ સેવાકાર્યને સમર્પિત કર્યુ છે. સેવાના આ મહાયજ્ઞમાં આહુતિ આપનાર સૌ દાતાઓને આદરપૂર્વક વંદન પાઠવીએ છીએ. સેવા-વિચારને વાસ્તવિક સ્વરૂપ આપી સતત કાર્યરત રહેનાર સૌ સેવાભાવીઓને પ્રભાતના પગરવમાં વંદન છે અને હા સેવાની ધુણી ધખાવી જીવનને સેવા સમર્પિત કરનાર એવા ભેખધારી મિલિન્દ ગુપ્તેને ભાવપુર્વક પ્રણામ પાઠવીએ છીએ.

ગુજરાતનું કાશ્મીર - અરવલ્લીની ગીરીકંદરામાં પ્રકૃતિ સોળે કળાએ ખીલી છે... પ્રકૃતિનો પરમ વૈભવ હિલસ્ટેશનનો અનુભવ કરાવે છે...



# સાત રાજ્યોમાં વરસાદનો હાહાકાર

**તમિળનાડુ, હિમાચલ, ઉત્તરાખંડ, કાશ્મીર, કર્ણાટકમાં વરસાદ જારી : તમિળનાડુમાં નવ જિલ્લાઓમાં એલર્ટની જાહેરાત : કાવેરી નદીમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર : ૧૬ રાજ્યોમાં ભારે વરસાદને લઇ એલર્ટ**

નવી દિલ્હી,તા. ૧૩

ભારે વરસાદ અને પુરના કારણે વર્તમાન મોનસુન સીઝનમાં સાત રાજ્યોમાં ૭૭૪ લોકોના મોત થઈ ચુક્યા છે. કેરળ અને ઉત્તરપ્રદેશમાં સૌથી માઠી અસર થઈ છે. હજુ પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે જેથી રાહત મળે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. હિમાચલ પ્રદેશ, તમિળનાડુમાં પણ હાલત કફોડી બનેલી છે. હિમાચલમાં અતિ ભારે વરસાદના કારણે વાદળો ફાટવાની ઘટના અને ભારે વરસાદથી મોટી સંખ્યામાંલોકોના મોત થયા છે. અહીં ભેખડો ધસી પડતા પાંચના મોત થયા છે. અનેક હાઈવે બંધ રાખવામાં આવ્યા છે. રાજમાર્ગો બંધ રાખવામાં આવતા વાહનોની લાંબી લાઈનો લાગી ગઈ છે. સિમલા અને મંડીમાં સ્કુલો બંધ રાખવામાં આવી છે. હજુ ભારે વરસાદ પડી શકે છે. બીજી બાજુ સોલાન, સિમલા, મંડી, કુલ્લુ, કાંગરા જેવા વિસ્તારોમાં સ્કુલ કોલેજો બંધ કરી દેવામાં આવી છે. અનેક વિસ્તારો જળબંબાકાર બની ગયા છે. પાર્વતી ખીણના ઉંચાણવાળા વિસ્તારોમાં વાદળ ફાટવાની ઘટના બની છે. ચેન્નાઈથી પ્રાપ્ત અહેવાલ મુજબ તમિળનાડુમાં પણ પુરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. અહીં ૩૫૯ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. ૩૬ બાળકો સહિત ૨૭૬ લોકોને નામાક્કલ જિલ્લામાંથી ખસેડવામાં આવ્યા છે. કેટલાક રાજ્યો બેહાલ થયેલા છે. કેન્દ્રિય ગૃહ મંત્રાલયના આંકડા મુજબ

● અનુસંધાન પાન-૭ પર

# ચેઈન સ્નેચિંગના ગુનામાં કડક સજા-દંડની જોગવાઈ

**જામીન નહી મળે : ચેઇન સ્નેચિંગ મામલામાં વટહુકમ બહાર પાડી રાજ્યભરની મહિલાને વધુ સુરક્ષા ઉપલબ્ધ કરાવવા નિર્ણય**

અમદાવાદ, તા.૧૩

રાજ્યમાં મહિલાઓની સુરક્ષા મામલે સરકારે આજે એક અતિમહત્વપૂર્ણ નિર્ણય લીધો હતો. જે મુજબ હવે ચેઈન સ્નેચીંગના ગંભીર ગુનામાં ચેઈન સ્નેચીંગ કરનાર ગુનેગારને પાંચ વર્ષથી લઇ દસ વર્ષ સુધીની સખત કેદની સજા તેમ જ રૂ.૨૫ હજારનો દંડ કરવામાં આવશે. ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ આ અંગેની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, આ નવી જોગવાઇ મામલે સરકાર ટૂંક સમયમાં જ વટહુકમ બહાર પાડશે અનએ રાજયભરની મહિલાઓને સરકાર દ્વારા વધુ સુરક્ષા અને ભયમુકત માહોલ પૂરો પડાશે. ચેઈન સ્નેચીંગ દરમ્યાન ચીલ ઝડપમાં ગુનેગાર કોઈને મૃત્યુ કે ઈજા કરે કે ભય ઊભો કરે તો પણ ચેઈન સ્નેચરને ત્રણ વર્ષની સખત કેદની સજાની જોગવાઇ કરાઇ છે. ઉપરાંત, ચીલ ઝડપમાં મૃત્યુ કે ઈજા થાય તો તેવો પ્રયાસ કરનારને ઓછામાં ઓછી સાત વર્ષથી લઈને ૧૦ વર્ષ સુધીની સખત કેદની સજા થશે. રાજય સરકારના આ ઐતિહાસિક નિર્ણયને પગલે રાજયભરની મહિલાઓમાં ભારે ખુશી અને સુરક્ષાની લાગણી ફેલાઈ ગઈ છે. દરમ્યાન આ અંગે ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, મહિલાઓને સુરક્ષા પૂરી પાડવી એ રાજ્ય સરકારની પ્રાથમિકતા છે. મહિલાની સુરક્ષા માટે સરકારે નક્કર પગલું ભરીને મંગળસૂત્ર, ચેઈન અને કિંમતી ઘરેણા જેવી સ્નેચીંગની ઘટનાને અંકુશમાં લેવા માટે કડક હાથે કામ લેવા આઈપીસીની નવી કલમો ઉમેરીને કડક સજાની જોગવાઈનો નિર્ણય કર્યો છે. સરકાર આ માટે વટહુકમ બહાર પાડીને મહિલાઓને વધુ સુરક્ષા પુરી પાડશે. ઉલ્લેખનીય છે કે, મંદિર પરિસર, બેંક આસપાસ, શોપિંગ મોલ તેમજ ભીડવાળી વિસ્તારો કે જાહેર માર્ગો પર પસાર થતી મહિલાઓ કે વ્યક્તિને ચેઈન, પર્સ કે અન્ય કિંમતી વસ્તુ ઝૂંટવી ચેઈન સ્નેચરો અને ગુનેગાર તત્વો નાસી છૂટતા હોય છે ત્યારે સરકારે આ બાબતને ગંભીરતાથી લઈને જરૂરી સૂચના સાથે વટહુકમ લાવવાનું નક્કી કર્યું છે. હાલ આઈપીસીની કલમ અંતર્ગત ચોરીના ગુનામાં ૩ વર્ષની સજા અને દંડની જોગવાઈ છે. પરંતુ હવે આ સજા વધારી સખત અને આકરી બનાવવામાં આવી છે. જે મુજબ, ચેઈન સહિતની દાગીના-કિંમતી વસ્તુઓની ચીલ ઝડપ કરનારને ઓછામાં ઓછી

● અનુસંધાન પાન-૭ પર

# લોકસભાના ભૂતપૂર્વ અધ્યક્ષ સોમનાથ ચેટર્જીનુ અવસાન



કોલકત્તા,તા. ૧૩

લોકસભાના ભૂતપૂર્વ અધ્યક્ષ સોમનાથ ચેટર્જીનુ આજે સવારે અવસાન થતા તેમના સમર્થકોમાં આઘાતનુ મોજુ ફરી વળ્યુ હતુ. તેઓ ૮૯ વર્ષના હતા. પોતાના રાજકીય જીવનમાં ચેટર્જી ૧૦ વખત સાંસદ તરીકે રહ્યા હતા. હાલમાં એટેક થયા બાદ તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં બે દિવસ સુધી તેઓ વેન્ટીલેટર પર હતા. ગયા મહિનામાં તેમને બ્રેન હેમરેજનો હુમલો પણ થયો હતો. એક દિવસ પહેલા જ તબીબોએ કહ્યુ હતુ કે કિડનીની તકલીફ પણ તેમને હતી. ચેટર્જીને હાલમાં ગંભીર સ્થિતીમાં હોસ્પિટલમાં દાખખલ કરવામાં આવ્યા હતા. તેમના પર ડાયાલિસીસ પ્રક્રિયા ચાલી રહી હતી. આવા મામલામાં કેટલીક વખત હાર્ટ કામ કરવાનુ બંધ કરી દે છે. બીજી બાજુ તેમના અવસાન બાદ આઘાતનુ મોજુ ફરી વળ્યુ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ તેમના અવસાન પર દુખની લાગણી વ્યક્ત કરી છે. વડાપ્રધાને ટ્વીટ કરીને કહ્યુ છે કે અમારા સંસદીય લોકતંત્રને મજબુત કરવામાં તેમની ચતાવીરૂપ ભૂમિકા હતી.

# બિહારમાં ગરીબનાથ મંદિરમાં ભાગદોડ

**શ્રાવણ મહિનાના પ્રથમ સોમવારે જલાભિષેક વેળા ભાગદોડ : મંદિરમાં શ્રદ્ધાળુઓની સંખ્યા વધી જવાના કારણે ભાગદોડની ઘટના બનતા તંત્રમાં ખળભળાટ : દેશભરના શિવ મંદિરમાં સવારે શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા**

પટણા,તા. ૧૩

બિહારના મુઝફ્ફરપુર સ્થિત લોકપ્રિય અને વિશ્વપ્રસિદ્ધ ગરીબનાથ મંદિરમાં આજે સવારે એકાએક ભાગદોડની ઘટના બની જતા તંત્રમાં ખળભળાટ મચી ગયો હતો. આ બનાવમાં ૩૦થી વધારે શ્રદ્ધાળુઓ ઘાયલ થયા છે. જે પૈકી કેટલાકની હાલત હોસ્પિટલમાં ગંભીર દર્શાવવામાં આવી છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. ઘાયલ થયેલા તમામ શ્રદ્ધાળુઓ આજે શ્રાવણ માસના પ્રથમ સોમવારના દિવસે ભગવાન શિવને જલાભિષેક કરવા માટે પહોંચ્યા હતા. એમ માનવામાં આવી રહ્યુ છે કે વધારે પડતા શ્રદ્ધાળુઓ મંદિરમાં એકત્રિત થઈ ગયા હતા. જેના કારણે આ બનાવ બન્યો હતો. શ્રદ્ધાળુઓને કાબુમાં લેવામાં મંદિર સંકુલના લોકોને પણ સફળતા મળી ન હતી.ઘાયલ થયેલા તમામ શ્રદ્ધાળુઓને સારવાર

● અનુસંધાન પાન-૭ પર

# કરૂણાનિધીના પરિવારમાં સત્તા સંઘર્ષ

ચેન્નાઇ,તા. ૧૩

ડીએમકેના વડા એમ કરૂણાનિધીના અવસાન બાદથી જ પરિવારમાં ભાઇ ભાઇની વચ્ચે સત્તા સંઘર્ષની શરૂઆત થઇ ગઇછે. સોમવારના દિવસે આજે કરૂણાનિધીના સમાધિ સ્થળ પર પહોંચ્યા બાદ તેમના પુત્ર એમકે અલાગીરીએ દાવો કર્યો હતો કે પૂર્ણ અસલી ડીએમકે કાડર તેમની સાથે છે. અત્રે નોંધનીય છે કે થોડાક વર્ષ પહેલા જ અલાગીરીને પાર્ટીમાંથી બહાર કરી દેવામાં આવ્યા હતા. ત્યારબાદથી તેઓ પાર્ટી પોલિટિક્સથી દુર હતા. એક વર્ષ પહેલા જ તેમના નાના ભાઇ અને કરૂંણાનિધીના બીજા પુત્ર સ્ટાલિનને પાર્ટીના કારોબારી અધ્યક્ષ તરીકે બનાવી દેવામાં આવ્યા હતા. હવે પિતાના અવસાનના એક સપ્તાહ બાદ અલાગીરીએ પાર્ટી પર પોતાની દાવેદારી મજબુત કરી દીધી છે. અલાગીરીએ કહ્યુ છે કે તેઓ કરૂણાનિધીના અસલી રાજકીય વિરાસત તરીકે છે. તેઓએ સ્ટાલિનને કારોબારી પ્રમુખ બનાવવા સામે પણ વાંધો ઉઠાવ્યો છે. એવી સ્થિતીમાં માનવામાં આવે છે કે સત્તામાં સંઘર્ષ વધી શકે છે. આ તમામ બાબતો એવા સમય પર થઇ રહી છે જયારે મંગળવારના દિવસે ડીએમકેની

● અનુસંધાન પાન-૭ પર


Kalpesh Astro Services
Kalpesh Upadhyay
Jyotir- Gyata, Jyotir Bhusan(HNGU)
Astrology | Numerology | Match Making | Vastu Consultant
Your Life Need Positive Changes......
સમય ને પરખો તક ને ઝડપો
Scientific Solutions
Just Call and Hear from our Side
kalpeshastrologer kalpeshastro.com Kalpesh Upadhyay
+91 88666 50725
kalpeshupadhyay41@yahoo.in
321, Akshar Arcade, Opp Memnagar Fire Station Navrangpura Ahmedabad

ફ્રી એન્ટ્રી
ચાલો...ચાલો...ઈન્ફોસીટી ચોપાટી
આજકી સામ શહિદો કે નામ...
સ્વાદ માટેનું નવું સરનામું એટલે... ઈન્ફોસીટીની ચોપાટી
એકજ સ્થળ પર માણો ૫૦૦થી વધુ અવનવી વાનગીઓનો સ્વાદ.
તારીખ : ૧૫-૦૮-૨૦૧૮, સમય : સાંજે ૬.૦૦થી શરૂ
શ્રી સુખદેવ ગઢવી (રેડીયો, ટી.વી. આર્ટીસ્ટ, હાસ્ય સમ્રાટ-સાહિત્યકાર)
ફ્રી એન્ટ્રી, ફ્રી પાર્કિંગ, ફ્રી વાઈફાઈની સુવિધા, બર્થ ડે સેલીબ્રેશન માટે વિશાળ જગ્યા ફ્રી
દુકાનો / સ્ટોલ ભાડે આપવાના છે. સંપર્ક : ૯૮૨૪૦૪૨૧૦૧
ઈન્ફોસીટી ક્લબ એન્ડ રીસોર્ટ, ઘ-૦, ગાંધીનગર.

ઓગસ્ટ થી દિવાળી કપલ/ફેમીલી/LTC પ્રવાસો
આંદામાન-નિકોબાર
હેવલોક-નીલ આઇલેન્ડ
સ્પે.કેરાલા મુન્નાર-થેકડી | દાર્જીલીંગ ગંગટોક-પેલીંગ | સિમલા મનાલી-ડેલ-અમૃત
કુર્ગ-કબિની વાયનાડ-હસન | ભુતાન પારો-થિમ્પુ-પુનાખા | નૈનિતાલ કોર્બેટપાર્ક-મસૂરી
Since 1951
નૂતન ટ્રાવેલ્સ
કરીશ્મા,સ્ટેડીયમ સર્કલ સી.જી.રોડ,અમદાવાદ
26562322/24/25
M.:9427455274/9724303375/9898023955

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

પ્રથમ વાર્ષિક શ્રધ્ધાંજલી
સ્નેહના સાગરમાં હર કોઈને પોતાના ગણ્યા પોતાના પ્રેમાળ હૈયાથી ઓળખનારા મુખ અને મધુર સ્મિત અંતરના ઉર્મિ હૃદયથી ભોળા તમારા દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના....
સ્વ. કિર્તીભાઈ માધવલાલ પટેલ
જન્મ તા. ૦૧-૧૦-૧૯૬૧ સ્વ. તા. ૧૪-૦૮-૨૦૧૭
ગં.સ્વ.પટેલ કાન્તાબેન રામભાઈ (પેથાપુર)
પટેલ કમલેશભાઈ રામભાઈ | પટેલ રેણુકાબેન કમલેશભાઈ
ભૂમિ, ઉર્વિશા, બિન્દ્રેશ
સદ્‌ગતની આત્માની શાંતિ અર્થે
ભજન સંધ્યા : આજ રોજ સાંજે : ૮.૦૦ કલાકે
કલાકાર : રમેશભાઈ પ્રજાપતિ ગ્રુપ (ભાણો)
સ્થળ : ઉમિયા માતાજી મંદિર કેમ્પસ,સેક્ટર-૧૨, ગાંધીનગર
ફર્મ : શ્રી ઉમા કન્ટ્રક્શન
લક્ષ્મીનારાયણ પેટ્રોલીયમ (પીંડારડા)
ઉમા ટાયર્સ, અપોલો ડિલર (પેથાપુર)
મો.૯૪૨૬૫ ૫૭૦૧૩

પ્રથમ વાર્ષિક શ્રધ્ધાંજલી
વટવૃક્ષ જેવા વિશાળ કુટુંબમાંથી આપે વસમી વિદાય લીધી, જીવનભર પરિશ્રમના દિવસો વિતાવી સૌને સમૃદ્ધ બનાવી ચંદન જેવું જીવન જીવીને સુખ સૌને આપી ગયા. આપે આપેલા સદ્‌ગુણોના જીવન પંથે અમે ચાલીશું. આપના આત્માની શાંતિ માટે સર્વે કુટુંબીજનો પ્રભુને પ્રાર્થના કરીએ છીએ....
સ્વ. કિર્તીભાઈ માધવલાલ પટેલ
જન્મ તા. ૦૧-૧૦-૧૯૬૧ સ્વ. તા. ૧૪-૦૮-૨૦૧૭
ગં.સ્વ.જ્યોત્સનાબેન કિર્તીભાઈ પટેલ
કાર્તિક કિર્તીભાઈ પટેલ | ખુશ કાર્તિકભાઈ પટેલ
મૌલિકાબેન કાર્તિકભાઈ પટેલ | જિયાન કાર્તિકભાઈ પટેલ
સ્વ. પટેલ માધવલાલ માનજીદાસ સ્વાતંત્ર સેનાની પરિવાર
સદ્‌ગતની આત્માની શાંતિ અર્થે
ભજન સંધ્યા : આજ રોજ સાંજે : ૮.૦૦ કલાકે
કલાકાર : રમેશભાઈ પ્રજાપતિ ગ્રુપ (ભાણો)
સ્થળ : ઉમિયા માતાજી મંદિર કેમ્પસ,સેક્ટર-૧૨, ગાંધીનગર :મો. ૯૮૯૮૦૩૬૩૧૨